## વીરગતિ - તારીખ - ૦૯, જૂન, ૨૦૦૦

દેશના એક વીર સપૂત ઋષિકેષ રામાણીની અંતિમ યાત્રામાં આ શહીદને ઘડીક કાંધ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં રોમ રોમ ગદગદ થઈ ગયેલ અને તે સમયે ઉભરેલી ભાવનાઓને અહીં શબ્દોમાં સમેટી છે.

## " શહીદ મેજર ઋષીકેષ રામાણીને વીરાંજલી"

ઘડીક અમે ખંભો દીધો
ને તોય ગર્વ થિયો ભાઈ
તમે તો વલ્લભ દીકરો દીધો
કાં ન અભિમાન થાય કાંઈ.
શહાદતના આ નૂરને
જોજો ભીંજવતા આંસુએ
મર્યા આતંકીને પૂછેના કોઈ
ને શહાદતને આ સલામ જો.
ખપેના મને પ્રસાદ સિવા કે
આતંક નાગનું શીષ જો
ગાજો સૌ દેશવાસીઓ
દેશભક્તિના ગીત જો.
જન્મોજનમ મળજો મને
ગીતા વલ્લભ માબાપ જો
કરશું અમે મોતને વહાલું
જનમભોમને કાજ જો
મા ભોમ માટે મર મિટવાને
આતમ વીંઝે પાંખ જો.

લી. વિશ્વાત્મા
ગ્લોબેલિઅન
ડો. ચૈતન્ય પટેલ